| | | |
|---|---|---|
| | પોલીસ અધિક્ષકશ્રીની કચેરી ભરૂચ.<br>એલ.આઇ.બી. શાખા<br>ફોન નંબર : ૦૨૬૪૨ ૨૨૩૩૫૦<br>ઇ-મેઇલ : lib-sp-bha@gujarat.gov.in | |

નંબર:LIB/MMS/ગ્રીન/વિકલી/ /૨૦૨૨,
તારીખ : ૨૨/૦૫/૨૦૨૨.

વિષય : તારીખ : ૧૬/૦૫/૨૦૨૨ થી તારીખ : ૨૨/૦૫/૨૦૨૨ સુધીના ગ્રીન કેટેગરીના પેપર કટીંગની માહિતી મોકલવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે, તારીખ : ૧૬/૦૫/૨૦૨૨ થી તારીખ : ૨૨/૦૫/૨૦૨૨ સુધીમાં જુદા-જુદા ન્યુઝપેપરમાં આવેલ ગ્રીન કેટેગરીના સારી કામગીરીના પેપર કટીંગની માહિતી તૈયાર કરી આ સાથે પેટામાં સામેલ રાખી મોકલી આપેલ છે. જે આપશ્રીને વિદિત થાય.

(બી.એન.સગર)
પોલીસ ઇન્સપેકટર
એલ.આઇ.બી., ભરૂચ

સ.સા. રવાના :
કોમ્પ્યુટર શાખા તરફ

**DATE: 16/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**



# દહેજમાં ચોરીની બે બાઈક સાથે ૧ ઇસમ ઝડપાયો

ભરૂચ: દહેજ ચોકડી પર બે શંકાસ્પદ બાઈક સાથે વેલસ્પન કંપની સામે સરદાર ઢાબામાં રહેતો ખબીરસિંહ અવતારસિંગ (મૂળ રહે.,પંજાબ) ભરૂચ LCB પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે સઘન પૂછપરછમાં આરોપીએ સંતોષકારક જવાબ ન આપ્યો હતો. પોલીસે ઘનિષ્ઠ અને ઊંડાણપૂર્વકની સઘન પૂછપરછ કરતાં ભરૂચ એ-ડિવિઝન પોલીસ હદ વિસ્તારમાં આદર્શ હોસ્પિટલના પાર્કિંગમાં એક માસ અગાઉ બાઈક ચોરીના ગુનાની કબૂલાત કરી હતી. પોલીસે રૂ.૪૦,૫૦૦ મત્તાનો કબજો મેળવી લઈ આરોપી સામે ક્રિમિનલ પ્રોસિજર કોડની સંલગ્ન કલમ મુજબ કાયદેસર કાર્યવાહી કરી ભરૂચ એ-ડિવિઝનને સોંપવામાં આવ્યો હતો. આ ગુનામાં અન્ય આરોપી લાલીસિંગ મજબી સિંગ શીખ (રહે.,દહેજ, બિરલાકોપર કંપની, તા.વાગરા)ને વોન્ટેડ જાહેર કર્યો છે.

**DATE: 16/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# મોખડીમાં ખાડો ખોદી સંતાડાયેલો દારૂ ઝડપાયો



ભરૂચ: ભરૂચ LCBને બાતમી મળી હતી કે, વાલિયાના મોખડી ગામે ઝાંબુ ફળિયામાં મકાન પાસે જમીનમાં ખાડામાં વિદેશી દારૂનો જથ્થો વેચાણ માટે સંતાડી દીધો છે. આથી પોલીસે મોખડી ગામે રેડ કરી રૂ.૨૬,૨૦૦નો દારૂ ઝડપી ભાવના વસાવાની ધરપકડ કરી હતી. આ બનાવમાં જામણીયાના મુકેશ વસાવાને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 16/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ભરૂચના કુકરવાડા ગામેથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકા પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, કુકરવાડા ગામે કંકુખાડી વગામાં કુકરવાડા ગામની જ હિરા લક્ષ્મણ પટેલ દેશીદારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવે છે. જેના પગલે તેમણે ટીમે સ્થળ પર દરોડો પાડી હિરા પટલને ઝડપી પાડી હતી. ટીમે સ્થળ પરથી દેશીદારૂ ગાળવાનો તમામ સામાન સહિત 120 લીટર ગરમ વોશ તેમજ 375 લીટ ઠંડો વોશ સહિત 11 લીટર દેશીદારૂ જપ્ત કર્યો હતો. ભઠ્ઠી તોડી પાડી તમામ મુદામાલ જપ્ત કરી મહિલા બુટલેગર હિરા લક્ષ્મણ પટેલ વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

**DATE: 16/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### દેશી દારૂ, વોશ, ગોળ મળી રૂ. 46200નો મુદ્દામાલ જપ્ત કર્યો

# અમૃતપુરામાં દેશી દારૂની ભઠ્ઠીઓ પર પોલીસ કાર્યવાહી યથાવત : 7 શખ્સની અટકાયત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના અમરાતપરા ગામની સીમમાં અમરાવતી નદી કિનારે દેશી દારૂ બનાવવાની ભઠ્ઠીઓ પર પોલીસે દરોડા પાડતા પાઈપલાઈનના નેટવર્ક મારફતે દારૂ લઈ જવાતો હોવાનો કીમિયો ઝડપાયો હતો .તેમજ ઠેર ઠેર દેશી દારૂની ભઠ્ઠીઓ પણ ઝડપાઈ હતી. પોલીસે સ્થળ પરથી 21હજાર લીટર થી વધુ વોશનો જથ્થો કબ્જે કરી નાશ કર્યો હતો.

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.લીના પાટીલે દ્વારા જીલ્લામાં



બનતા પ્રોહીબિશન અને જુગારની અસામાજીક પ્રવૃત્તિ ચલાવતા ઇસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચનાના અનુસંધાને અંકલેશ્વરના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઇ ના માર્ગદર્શન અને સુચના મુજબ શહેર પોલીસ દ્વારા અંકલેશ્વર ના અમરતપુરા ખાતે રેડ કરવામાં આવેલ.જેના પગલે બૂટલેગરો મા નાસભાગ મચી ગઈ હતી..આ રેડ મા પોલીસે 50 લીટર દેશી દારુ, 21,400 લીટર વોશ તેમજ 120 કિલો ગોળ મળી કુલ રૂ.46,200 નો મુદામાલ જપ્ત કરવા સાથે તેનો નાશ કરી કુલ 12 કેસ નોંધાયા હતા પોલીસે આ રેડ દરમ્યાન એક મહિલા સહિત 7 આરોપીઓ ની અટકાયત કરાઈ હતી તેમજ એક મહિલા સહિત અન્ય 6 ને વોન્ટેડ જાહેર કરી ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કરાયા છે.

**DATE: 16/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### હાઈવે પરની હોટલ પાછળ ટ્રક પાર્ક કરી હતી

# ટ્રકમાં કતલના ઈરાદે લઈ જવાતા 14 પશુ મુક્ત કરાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ નેશનલ હાઈવે પર નર્મદા ચોકડી પાસે આવેલી એક હોટલ પાછળથી કતલના ઈરાદે લઈ જવાતી પશુ ભરેલી ટ્રકને પોલીસે પકડી પાડી પશુઓને મુક્ત કરાવ્યા હતા. તેમજ પોલીસે 4 લાખની ટ્રક અને 3.50 લાખના પશુ મળી કુલ 7.50 લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચ નેશનલ હાઈવે ઉપર આવેલી નર્મદા ચોકડી પાસેની એક હોટલ પાછળથી કતલના ઈરાદે ગેરકાયદેસર પશુઓ ભરેલી ટ્રક નંબર-જી.જે.16.ઝેડ.6744 ઉભી છે તેવી ચોક્કસ બાતમીના આધારે સી ડીવીઝન પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસને સ્થળ પરથી કતલના ઈરાદે ગેરકાયદેસર રીતે ટ્રકમાં તાડપત્રીની ઓથમાં ઘાસચારો નહી રાખી ખીંચોખીંચ બાંધેલી 14 ભેંસો મળી આવી હતી. પોલીસે ટ્રકની કેબીનમાં બેઠેલા ઈસમ પાસે પશુઓ વાહન કરવા અંગેના દસ્તાવેજો માંગતા તેણે સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેથી પોલીસે અંકલેશ્વરના ભાદી ગામના મોટા ફળિયામાં રહેતો યાસીન ગુલામ હુસેન પઠાણને ઝડપી પાડ્યો હતો.

**DATE: 17/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# ભરૂચ-નર્મદા ચોકડી નજીક બે ઈસમ હથિયાર સાથે ઝડપાયા

**દહેજમાં** અગાઉ ઝઘડાની અદાવતમાં મર્ડરના ઈરાદે ફરતા હતા, ૬૬,૯૦૦નો મુદ્દામાલ કબજે કરાયો



ભરૂચ: ભરૂચ LCBએ ભરૂચ-નર્મદા ચોકડીથી પરપ્રાંતીય બે યુવકને પિસ્તોલ, દેશી તમંચો જેવા હથિયારો સાથે ઝડપી પાડ્યા હતા.

દહેજ પંથકમાં ત્રણ-ચાર દિવસ અગાઉ બે જૂથો સામસામે અંગત બાબતે તકરાર થઈ હતી. જેમાં એક જૂથે ગુસ્સામાં આવી સામેના જૂથને મારી નાંખવાની ધમકી આપી હતી. આ બાબતે દહેજ પોલીસમાં અરજી પણ આપી હતી અને ધમકી આપનારા જૂથ પંજાબથી હથિયારો લેવા ગયા છે. એવી હકકીત મળતાં ભરૂચ LCB પોલીસે ગંભીરતાથી લઈ હ્યુમન ઈન્ટેલિજન્સ તેમજ ટેક્નિકલ સર્વેલન્સથી સતત વોચ ગોઠવી હતી. જેના પગલે રવિવારે પંજાબથી આવેલી બે વ્યક્તિને ભરૂચ-નર્મદા ચોકડી ખાતે જ પકડી પાડ્યા હતા. પોલીસે ઝડપાયેલા આરોપી દિલપ્રિતસિંહ ઉર્ફે મહોબતપ્રિત દિવાનસિંઘ (ઉ.વ.૨૫) અને અજયપાલ નરેન્દ્રસિંહ (ઉ.વ.૨૫) (બંને રહે.,માખણીયા ફળિયું, દહેજ, મૂળ રહે.,પંજાબ) પાસેથી દેશી પિસ્ટલ નંગ-૧, દેશી તમંચો નંગ-૧, એક ખાલી મેગ્ઝીન નંગ-૧, 8 MM KF જીવતા કાર્ટીઝ નંગ-૪, જીવતા કાર્ટીઝ નંગ-૫, ટ્રાવેલ બેગ નંગ-૧, એક મોબાઈલ મળી કુલ રૂ.૬૬,૯૦૦નો મુદ્દામાલ કબજે કરાયો હતો. આ પ્રકરણમાં સુખપ્રિતસિંઘ વોન્ટેડ આરોપી જાહેર કર્યો છે. આ બાબતે ભરૂચ સી-ડિવિઝનમાં બંને વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

**DATE: 17/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# વાલિયા નજીક ટેમ્પોમાં ચોરખાનું બનાવી દારૂની હેરાફેરી

ભરૂચ: વાલિયા-નેત્રંગ રોડ ઉપર પોલીસ પેટ્રોલિંગ કરી રહી હતી. એ સમય દરમિયાન રોડ પરથી પૂરઝડપે પસાર થતા આઇસર ટેમ્પો નં.(MH 48 AG 0639)ને રોકી તેની તલાશી લેતાં બંધ બોડીના ટેમ્પોમાં પાછળના ભાગે ચોરખાનું બનાવી ભારતીય બનાવટના વિદેશી શરાબની અલગ અલગ બ્રાન્ડની બોટલોનાં બોક્સ મળી આવતાં પોલીસે આઇસર ટેમ્પોના ચાલક રાજેશકુમાર શિવા નારાયણ દિગારામ માજી (રહે.,બલગીર (ઓડિશા)ને ભારતીય બનાવટના વિદેશી શરાબના જથ્થા સહિત કુલ 16,17,300ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી વાહનના માલિક બબલુ રવીન્દ્ર રાય (રહે.,પાલઘર)ને વોન્ટેડ જાહેર કરી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 17/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

### અંકલેશ્વર જીઆઈડીસી પોલીસની પ્રશંસનીય કામગીરી

# માનસિક અસ્વસ્થ મહિલા અને તેના બાળકોની સંભાળ સુરતનું ટ્રસ્ટ લેશે

## ટ્રસ્ટ માતા અને બંને બાળકોની દરકાર રાખી સારું જીવન આપવા પ્રયાસ કરશે



અંકલેશ્વરમાં માનસિક અસ્વસ્થ મહિલા અને તેના બાળકોની કાળજીની જવાબદારી સુરત માનવ મંદિર ટ્રસ્ટે લીધી.

| અંકલેશ્વર |

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે બીમાર અને અશક્ત મહિલા અને તેના બે બાળકો માટે એવી કામગીરી કરી છે કે કડક અધિકારીના માનવતાવાદી ઉદાર હૃદયના પણ દર્શન થયા છે. જીઆઈડીસી પોલીસ દ્વારા મગજથી અસ્વસ્થ મહિલા અને તેના બે બાળકોની કાળજી અને સંભાળ માટે સુરત ની માનવ મંદિર ટ્રસ્ટ નો સંપર્ક કરતા જ માનવ મંદિર ટ્રસ્ટ ના સભ્યો એમ્બ્યુલન્સ સાથે આવી પહોંચી મહિલા અને તેના બાળકો ને નવું જીવન દાન આપવા માટે પ્રયાસો હાથ ધર્યા છે.

અંકલેશ્વર જીઆઈડીસી માનવ મંદિર વિસ્તારમાં છેલ્લા ઘણાં વર્ષોથી એક મહિલા ભટકતી નજરે પડી રહી છે. મહિલા સાથે સમય જતા બે બાળકો પણ નજરે પડ્યા હતા. મહિલા માનસિક દ્રષ્ટિએ થોડી અસ્વસ્થ છે. જે બાળકોનો પણ યોગ્ય ઉછેર કરવામાં સક્ષમ નથી. આ સમગ્ર ઘટનાની ઘણા સમયથી સુરત માનવ સેવા ટ્રસ્ટ સભ્ય અરવિંદ પરમારને હોવાથી એમણે મહિલાને પોતાના ટ્રસ્ટ પર લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ મહિલાએ સ્થળ નહિ છોડતા મહિલા સહિત બે બાળકોની ચિંતા કરતા અરવિંદભાઈએ ફરી પ્રયાસ હાથ ધરી અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર આર.એન. કરમટીયા ને મળી તેઓ સ્થળ તપાસ કરતા પીઆઈ આર .એન કરમટીયા એ મહિલાને સમજાવતા આખરે મહિલા તેના બે બાળકો સાથે સુરતના માનવ મંદિર ટ્રસ્ટમાં જવા તૈયાર હતી અને અરવિંદ પરમારે માનવ મંદિર ટ્રસ્ટ ની એબ્યુલન્સ તાત્કાલિક બોલાવી મહિલા અને બે બાળકો ને અંકલેશ્વર જીઆઈ ડીસી પોલીસ ખાતે લાવ્યા હતા અને જરૂરી કાર્યવાહી કરી સંસ્થાએ કબ્જો મેળવી સુરત ખાતે માનવ સેવા ટ્રસ્ટ ખાતે લઈ જવામાં સફળતા પ્રાપ્ત કરી હતી. માનવ મંદિર ટ્રસ્ટ માતા અને તેના બંને બાળકોની દરકાર રાખશે અને સારું જીવન આપવા પ્રયાસ કરશે.

**DATE: 17/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતા 2 ઝડપાયા



અંકલેશ્વર | અંકલેશ્વર રૂરલ પોલીસ મથકના પ્રોહીબીશનના ગુના નાસતા ફરતા બે ઈસમો ઝડપી પાડયા હતા. 3 મહિના પૂર્વે 19 લાખ રૂપિય નો મુદ્દામાલ સાથે ટેમ્પો અને બલેરો પીકઅપ ગાડી અને ઈંગ્લીશ દારુ ઝડપાયો હતો. બને વોન્ટેડ આરોપીની તાલુકા પોલીસ એ તપાસ શરૂ કરી હતી. અંકલેશ્વર તાલુકાના નવાગામ કરારવેલ ગામની સીમમાંથી ગત ફેબ્રુઆરી માસમાં ઝડપાયેલ વિદેશીદારૂ દારૂના ગુન્હામાં નાસતા ફરતા ઝઘડિયાના રાકેશ હરેશ મોદી અને નવાગામ કરારવેલ ગામના વિજય સવાઈલાલ વસાવા રૂરલ પોલીસ મથકમાં હાજર થતા પોલીસે બંન્નેની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

### પાલેજના ભિલવાડા વિસ્તારમાં પોલીસના દરોડા

# પાણી પુરવઠાની અંદર દીવાલની આડમાં જુગાર રમતાં 4 ઝડપાયા

## જુગારીઓ પાસેથી 10 હજારથી વધુની રોકડ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

પાલેજના ભિલવાડા વિસ્તારમાં આવેલી પાણી પુરવઠાની ઓફિસના કંપાઉન્ડમાં દિવાલની આડમાં રમાતાં જુગારિયાઓને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. પોલીસે ચારેય જુગારિયાઓ પાસેથી 10 હજારથી વધુની રોકડ સહિતનો મુદામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પાલેજ પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ભિલવાડા વિસ્તારમાં આવેલી પાણી પુરવઠાની ઓફિસના કંપાઉન્ડમાં કેટલાંક લોકોએ જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસે રેડ પાડતાં જુગારિયાઓમાં દોડધામ થઇ ગઇ હતી. જોકે, ચારેય જુગારિયાઓ વાહિદ ઈમ્તિયાઝ પઠાણ, નિતેશ ચંદુ વસાવા, અક્ષય રાવજી વસાવા તેમજ સચીન ઈશ્વર વસાવાને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી રોકડા રૂપિયા 10 હજાર સહિતનો મુદામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 18/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**

# પાલેજ પોલીસમથક ખાતે લોક દરબાર યોજાયો

ભરૂચ: ભરૂચ જિલ્લાના પાલેજ પોલીસમથક ખાતે ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.લીના પાટીલ દ્વારા લોક દરબાર યોજાયો હતો. ઉપરાંત લોક દરબારની સાથે સાથે વાર્ષિક ઈન્સ્પેક્શનનું આયોજન કરાયું હતું. ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.લીના પાટીલ પાલેજ ખાતે આવી પહોંચ્યા બાદ KPC ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે પરેડ યોજાઈ હતી. જ્યાં તેઓએ પાલેજ પોલીસમથકના પોલીસ ઈન્સ્પેક્ટર પી.આર. વાઘેલા સહિત પોલીસકર્મીઓની સલામી ઝીલી હતી. ત્યારબાદ નગરજનોની હાજરીમાં લોક દરબાર યોજાયો હતો. જેમાં પાલેજ ગ્રામ પંચાયતના સરપંચ, ઉપસરપંચ સહિત પાલેજ પોલીસમથકના તાબા હેઠળ આવરી લેવાયેલાં 13 ગામના સરપંચો પણ ઉપસ્થિત રહ્યા હતા. ભરૂચ એસપી ડો.લીના પાટીલનું ઉપસ્થિત ગ્રામ પંચાયતોના સરપંચોએ પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. લોક દરબારમાં વિવિધ પ્રશ્નો બાબતે ચર્ચાઓ થઈ હતી.

**DATE: 18/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# ભરૂચમાં દારૂના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો



ભરૂચ: ભરૂચ પેરોલ ફર્લો પોલીસમથકનો સ્ટાફ નાસતા-ફરતા અને વોન્ટેડ આરોપીને ઝડપી પાડવાના પેટ્રોલિંગમાં હતો. એ દરમિયાન ભરૂચ સી-ડિવિઝન પોલીસમથકના પ્રોહિબિશન એક્ટના ગુનામાં સંડોવાયેલો આરોપી તેના ઘરે આવ્યો હોવાની બાતમીના આધારે પોલીસે જ્યોતિનગર સ્થિત મહાદેવનગર સોસાયટીમાં દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી પ્રોહિબિશન એક્ટના ગુનામાં નાસતો ફરતો આરોપી સ્વપ્નિલ અજય ચૌહાણને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 18/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# દહેજની જી.એ.સી.એલ. કંપનીમાંથી પેલેડિયમ કેટાલિસ્ટ પાઉડર ચોરીની ઘટનામાં 4 ઝડપાયા

### રૂ.૭.૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત, ઉચેડિયાનો નવીન ઉર્ફે ડોન પટેલ વોન્ટેડ



ભરૂચ: દહેજની જી.એ.સી.એલ. કંપનીમાં પેલેડિયમ કેટાલિસ્ટ પાઉડર ચોરીનો ભેદ ઉકેલી એલસીબી પોલીસે ચાર આરોપીને ઝડપી પાડ્યા હતા.

ભરૂચ એલસીબી પોલીસ મથકનો સ્ટાફ દહેજની જી.એ.સી. એલ. કંપનીમાં થયેલા પેલેડિયમ કેટાલિસ્ટ પાઉડર ચોરીના ગુનાને શોધી કાઢવા તપાસમાં હતો. એ દરમિયાન બાતમી મળી હતી કે કંપનીમાં અગાઉ નોકરી કરતો દહેજના ટાવર ફળિયામાં રહેતો રાહુલ સુરેશ રાઠોડ અને તેના મિત્રોએ ભેગા મળી ચોરી કરી છે. તેમજ સાથે તેઓ એક મકાનમાં ભેગા થયા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા.

પોલીસે સ્થળ પરથી દહેજના ટાવર ફળિયામાં રહેતો રાહુલ સુરેશ રાઠોડ, વિક્કી રાજકુમાર પવાર, મહેશ બકોર રાઠોડ અને અજય કનુ રાઠોડને ઝડપી પાડ્યા હતા. જ્યારે ઝઘડિયા તાલુકાના ઉચેડિયાનો આરોપી નવીન ઉર્ફે ડોન રણછોડ પટેલને વોન્ટેડ જાહેર કર્યો હતો. ઝડપાયેલાની પૂછપરછ કરતાં તેમણે જણાવ્યું હતું કે, ચોરી કરી વેચી દીધેલા પાઉડરના તેમણે રૂ.૭.૮૦ લાખ મળ્યા હતા. પોલીસે રોકડા રૂપિયા અને ચાર ફોન મળી કુલ રૂ.૭.૯૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને ઝડપાયેલા તમામ આરોપીઓને દહેજ પોલીસને હવાલે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

ઝડપાયેલો મુખ્ય સૂત્રધાર રાહુલ સુરેશ રાઠોડ અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશનના ચાર અને પ્રોહિબિશન, ઘરફોડ ચોરી સહિતના છ ગુનામાં સંડોવાયેલો છે. તેમજ અજય રાઠોડ ઘરફોડ ચોરીના બે ગુનામાં સંડોવાયેલો હોવાનું બહાર આવ્યું છે.

**DATE: 18/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# અંકલેશ્વરમાં ગેરકાયદે બાયો ડીઝલના પંપ ઉપરથી 2800 લીટર શંકાસ્પદ પ્રવાહી ઝડપાયું

**શંકાસ્પદ** પ્રવાહી, ડિજિટલ ડિસ્પેન્સરી મશીન તેમજ ઇલેક્ટ્રિક મોટર કબજે, લાખોનો મુદ્દામાલ કબજે કરાયો

અંકલેશ્વર: અંકલેશ્વર નેશનલ હાઈવે ઉપર ખુલ્લા મેદાનમાં ગેરયકાયદે બાયો ડીઝલનો જ્વલનશીલનો જથ્થો પકડાવવાના મામલામાં સંડોવાયેલા આરોપીને પેરોલ પોલીસે ઝડપી પાડ્યો હતો.

મળતી માહિતી અનુસાર ભરૂચ એલસીબી પોલીસે અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે ઉપર આવેલી એક જગ્યામાં ગેરકાયદે બાયો ડીઝલના જ્વલનશીલ પ્રવાહીના સ્થળે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી છોટા હાથી ટેમ્પોમાં મૂકેલા બેરલમાંથી 2800 લીટર શંકાસ્પદ પ્રવાહી અને ડિજિટલ ડિસ્પેન્સર મશીન તેમજ ઈલેક્ટ્રિક મોટર સહિત 4.26 લાખના મુદ્દામાલ સાથે બે ઈસમને ઝડપી પાડ્યા હતા. જ્યારે અન્ય એક ઈસમ ફરાર થઇ ગયો હતો. આ ગુનામાં સંડોવાયેલ઼ આરોપી અંકલેશ્વરના કાપોદ્રા ગામની સાંઈ દર્શન સોસાયટીમાં તેના ઘરે છે, એવી બાતમીના આધારે પેરોલ ફર્લો સ્ક્વોડ પોલીસે રેડ કરી હતી અને નાસતા ફરતા આરોપી જગદીશ ઉકા ઢોલરિયાને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 18/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચ પેરોલ ફર્લોની ટીમે પોતાના ઘરેથી દબોચ્યો

# બાયોડીઝલના કૌભાંડનો વોન્ટેડ આરોપી ઝડપાયો

### રૂરલ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર રૂરલ પોલીસ મથક માં બાયો ડીઝલ ના ગુન્હા માં નાસતા ફરતા એક આરોપીને ભરૂચ પેરોલ ફ્લોની ટીમે ઝડપી પાડી રૂરલ પોલીસ ના હવાલે કર્યો હતો.

ભરૂચ પેરોલ ફ્લો ની ટીમ અંકલેશ્વર વિસ્તાર માં પેટ્રોલીંગ દરમ્યાન મળેલી માહિતીના આધારે અંકલેશ્વર રૂરલ પોલીસ મથક ના બાયો ડીઝલ ના ગુન્હા માં નાસતા ફરતા અને નેશનલ હાઈવે ની બાજુમાં આવેલ સાંઈ દર્શન સોસાયટીમાં રહેતા જગદીશ ઉકા ઢોલરીયા ને ઝડપી પાડયો હતો અને રૂરલ પોલીસ ના હવાલે કર્યો હતો પોલીસે તેની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ખરોડના લેબર કોન્ટ્રાક્ટર સાથે રૂ.2.70 લાખની ઠગાઈ કરનાર ઝડપાયો

અંકલેશ્વરઃ મૂળ રાજસ્થાનના અને હાલ અંકલેશ્વરના ખરોડ ગામની વેલફેર હોસ્પિટલ સામે રહેતા કાલીયા મઈલા નીનામા પાનોલી જીઆઈડીસીની મેઘમણી કંપનીમાં લેબર કોન્ટ્રાક્ટ ચલાવે છે. જેઓના કોન્ટ્રાક્ટમાં રસોઈયા તરીકે કામ કરતા દિલીપ હકરુ નીનામાએ ગત તા.8/9/2021ના રોજ પોતાના ઘરે રૂપિયાની જરૂર હોવાથી થોડા દિવસ માટે આપવા સાથે રસોઈયો અને મજૂરો પૂરા પડીશ તેમ કહી રૂપિયા 2.70 લાખ લઈ પોતાના વતન રાજસ્થાન જતો રહ્યો હતો. જે બાદ કાલિયા મઈલા નીનામા તેના વતન રૂપિયા લેવા ગયા હતા. એ વેળા દિલીપ નીનામાએ રૂપિયા વાપરી નાંખ્યા છે અને રૂપિયા ન હોવાનું કહી વિશ્વાસઘાત કર્યો હતો. આ મામલે અંકલેશ્વર તાલુકા પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી આરોપીને રાજસ્થાનથી ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 20/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–13**



# નેત્રંગના આટખોલમાં જુગાર રમતા 4 ઝડપાયા, 10 ફરાર

**મોટરસાઈકલ** સાથે રૂ.૨.૫૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે

ભરૂચ, નેત્રંગઃ નેત્રંગના આટખોલ ગામે જુગાર રમતા ૪ ઈસમ આબાદ રીતે ઝડપાઈ ગયા હતા. પોલીસની રેડ પડતાં 10 ઈસમ રફુચક્કર થઈ જતાં 14 સામે જુગારધારાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે પાંચ મોટરસાઈકલ, મોબાઈલો અને રોકડા મળી કુલ રૂ.૨,૫૦,૭૨૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

નેત્રંગના પીએસઆઈ એન.જી. પાંચાણી સહિતની પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી. એ વેળા બાતમી મળી હતી કે, આટખોલમાં અરવિંદ કાઠિયાવાડીના ખેતરના પૂર્વ ભાગે કોતરડીમાં લીમડાના ઝાડ નીચે જુગાર રમાય છે. આ જુગાર આટખોલનો વિનોદ પ્રતાપ વસાવા અને કોયલી માંડવીના અરવિંદ દેવજી વસાવા મળી રમાડે છે. આ બાતમીના આધારે નેત્રંગ પોલીસે રેડ કરતાં આટખોલનો વિનોદ વસાવા (ઉં.વ.૩૫), નેત્રંગના જવાહર બજારનો રઉફ ઈબ્રાહીમ કાગજી, મોતિયાનો નરેશ મણીલાલ વસાવા અને નેત્રંગ લાલ મંટોડીનો દીપક શિવ વસાવા આબાદ ઝડપાઈ ગયા હતા. જ્યારે નવ જુગારી રેડ પડતાં ભાગી છૂટ્યા હતા. જેમાં મેહબૂબસા ઈસ્માઈલસા દિવાન (રહે., લાલ મંટોડી, નેત્રંગ), અમઝદ જીનુ શેખ (રહે., ડેડિયાપાડા, મૂળ રહે., વડોદરા), પીન્ટુ રવિલાલ વસાવા (રહે., પીઠોર, તા.વાલિયા), કમલેશ નવલ વસાવા (રહે., જૂની નેત્રંગ), શૈલેષ પ્રતાપ વસાવા (રહે.,આટખોલ), વિઠ્ઠલ રતનિયા વસાવા અને દિલીપ (બંને રહે.,પીઠોર) સાથે અન્ય મળી 10ને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે અંગજડતીમાં રોકડા રૂ.૬૯૩૦, દાવના રૂ.૬૭૯૦, બે મોબાઈલના રૂ.૭૦૦૦, પાંચ મોટરસાઈકલ રૂ.૨,૩૦,૦૦૦ મળી કુલ રૂ,૨,૫૦,૭૨૦નો મુદ્દામાલ પકડ્યો હતો. નેત્રંગ પોલીસે ૧૩ જણા સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

**DATE: 20/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–13**

# અંકલેશ્વરના ગુજરાત હાઉસિંગ બોર્ડ નજીક દારૂ સાથે બુટલેગર ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર પોલીસે ગુજરાત હાઉસિંગ બોર્ડ સ્થિત દાતારનગર મસ્જિદ નજીક રિક્ષામાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એક બુટલેગરને ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વર શહેર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. એ દરમિયાન બાતમી મળી હતી કે, ગુજરાત હાઉસિંગ બોર્ડ સ્થિત દાતારનગર મસ્જિદ પાસે રહેતો બુટલેગર સમીર ફિરોઝ શેખ ઘરની સામે રિક્ષામાં વિદેશી દારૂનું વેચાણ કરે છે. જેના આધારે પોલીસે દરોડા પાડતાં સ્થળ પરથી વિદેશી દારૂની 78 નંગ બોટલ મળી આવી હતી. પોલીસે 7 હજારનો દારૂ અને રિક્ષા મળી કુલ 37 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર સમીર શેખને ઝડપી પાડ્યો હતો.

**DATE: 21/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**

# ગેરકાયદે પશુ ભરીને લઈ જતી ટ્રકને પકડી પાડી અંકલેશ્વર પોલીસે 15 પશુઓને મુક્ત કરાવ્યા

**અંકલેશ્વર** શહેર પોલીસે પકડેલી ટ્રકમાં ક્રુરતાપૂર્વક 16 પશુને ખીચોખીચ બાંધેલા હતા, એક પશુનું મોત

**પશુઓને** પાટણના દિઘડી ગામથી ભરીને સુરત લઈ જવાતા હતા, બેની ધરપકડ કરાઈ

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ગડખોલ પાટિયા ઓવરબ્રિજ ઉપરથી શહેર પોલીસે ગેરકાયદેસર પશુ ભરેલ ટ્રક ઝડપી પાડી 16 પૈકી 15 પશુઓને મુક્ત કરાવ્યા હતા. જ્યારે એક પશુનું મોત નીપજ્યું હતું

અંકલેશ્વર શહેર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે ભરૂચ તરફથી નર્મદા મૈયા બ્રિજ ઉપર થઈ ટ્રક નંબર-જી.જે.24.યુ.5528માં ગેરકાયદેસર રીતે પશુઓ ભરી અંકલેશ્વર બાજુ આવી રહ્યો છે તેવી બાતમીના આધારે પોલીસે ગડખોલ પાટિયા ઓવરબ્રિજ ઉપર વોચમાં હતો તે દરમિયાન બાતમી વાળી ટ્રક આવતા પોલીસે તેને અટકાવી ટ્રકમાંથી તાડપત્રી હટાવી જોતા તેમાં ક્રૂરતા પૂર્વક ઘાસચારા અને પાણીની સગવડ વિના 16 પશુઓ ખીંચોખીચ બાંધ્યા હોવાનું જણાઈ આવ્યું હતું.

પોલીસે ટ્રકમાંથી પશુઓ મુક્ત કરાવ્યા હતા. જ્યારે એક ભેંસનું બચ્ચું મૃત હાલતમાં મળી આવ્યું હતું. પોલીસે 2.70 લાખના પશુઓ અને 10 લાખની ટ્રક મળી કુલ 12 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને પાટણના ડેર ગામના વચલી પાટી ફળિયામાં રહેતો ટ્રક ચાલક વાધુજી કાંતિજી ઠાકોર તેમજ અશોક ઈશ્વર માજીરાનાને ઝડપી પાડ્યો હતો ઝડપાયેલ બંને ઈસમોની પુછપરછ કરતા પશુઓ તેઓ પાટણના દિઘડી ગામ ખાતેથી ભરી સુરત ખાતે લઈ જતા હોવાનું જણાવ્યું હતું.

**DATE: 21/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**

# ચાલતી કારમાં વિડીયો બનાવી પોલીસને ગાળો દેનાર બુટલેગરને 'પાસા'માં જુનાગઢ મોકલાયો

**પોલીસે** બુટલેગર માતાને દારૂ સાથે ઝડપી પાડતા બેબાકળા બનેલા બુટલેગર પુત્રે ચાલતી કારમાં પોલીસને ભાંડતો વિડીયો બનાવ્યો હતો



ભરૂચઃ ભરૂચ પોલીસને ગાળો ભાંડતો વિડીયો બનાવનાર મહાદેવ નગરના બુટલેગર ધ્રુવ નિલેશ પટેલની પાસા હેઠળ ધરપકડ કરી જૂનાગઢ જેલમાં ધકેલી દેવાયો છે.

ભોલાવના મહાદેવ નગરની મહિલા બુટલેગર પ્રજ્ઞા મિસ્ત્રીની તાજેતરમાં દારૂના જથ્થા સાથે સી ડિવિઝન પોલીસે ધરપકડ કરી હતી. માતાની ધરપકડ થતા વોન્ટેડ બુટલેગર પુત્ર ધ્રુવ નિલેશ પટેલ બોખલાઈ ગયો હતો. ચાલુ કારે વિડીયો બનાવી પોલીસને ગાળો આપી હતી. જેમાં સી ડિવિઝન પોલીસે તેને ઝડપી પાડતા ઘૂંટણીયે પડી બે હાથ જોડી આ બુટલેગરે વારંવાર માફી માંગી હતી. સી ડિવિઝન પોલીસે જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ અસામાજિક તત્વ અને બુટલેગરની પાસાની દરખાસ્ત મોકલતા વોરંટ ઈસ્યુ કરાયું હતું.

**DATE: 21/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વરમાં લોકોના ઘરોમાં ઘુસીને લૂંટ ચલાવતી અમદાવાદની છારા ગેંગ પકડાઈ

**પકડાયેલી** ગેંગમાં છારા કોમની 7 મહિલા સામેલ, જ્યારે બે ફરાર થઈ ગઈ

**ગેંગએ** અંકલેશ્વરમાં બે જ દિવસમાં રૂપિયા 5.45 લાખની લૂંટ ચલાવી હતી

**બાળકો** સાથે ફરી ઘરમાં એકલા લોકોને નિશાન બનાવી પાણી અને ખાવાનું માંગી લૂંટને અંજામ આપતી

ભરૂચ: અમદાવાદની છારા ગેંગની અંકલેશ્વરમાં પેંધી પડેલી મહિલા ગેંગે 2 દિવસમાં બે સ્થળોએ 5.45 લાખની લૂંટને અંજામ આપ્યો હતો. લોકોના સહયોગથી પોલીસે ટોળકીની 7 મહિલાને ઝબ્બે કરી છે જ્યારે હજી 2 તઅંકલેશ્વરના સારંગપુરની મીરાનગર સોસાયટીમાં લૂંટને અંજામ આપનાર છારા ગેંગની સાત મહિલાઓએ કોસમડીની સન પ્લાઝામાં 4 લાખની લૂંટ ચલાવી હતી.

અંકલેશ્વરના સારંગપુર વિસ્તારમાં આવેલ મીરાનગર સોસાયટીમાં મહાદેવ મંદિર પાસે રહેતી હોસલી દેવી રમેશ રાજમંગલ યાદવ ગુરૂવારે પોતાના ઘરે હતા. દરમિયાન સાતથી વધુ મહિલાઓ આવી હતી અને તેઓએ હોસલી દેવી પાસે જમવાનું અને પાણી માંગી વાતોમાં ભોળવી ધક્કો મારી નીચે પાડી એક મહિલા ઘરના ઘુસી ગઈ હતી. અંદરના રૂમમાં કબાટમાં રહેલ રોકડા 20 હજાર અને સોના-ચાંદીના ઘરેણાં મળી કુલ 1.45 લાખની લૂંટ ચલાવી ભાગવા જતા મકાન માલિકે બુમરાણ મચાવી હતી. છારા ગેંગની લૂંટારું મહિલાઓનો પીછો કરતા સોસાયટીના લોકોએ 7 મહિલાઓને પકડી પાડી પોલીસને હવાલે કરી હતી. પોલીસે રેખાબેન સતીશ દાતણિયા, કિરણબેન જહુન દેવીપૂજક, સોનાબેન યુવરાજ દેવીપૂજક, જમાબેન ઉર્ફે જેકત અમૃત દેવીપૂજક, કોયલબેન બાદલ અને વસંતીબેન કુસવસ, સંગીતબેન બાદલને ઝડપી લીધી હતી. જ્યારે અન્ય બેથી વધુ લૂંટારુ મહિલાઓ ફરાર થઈ ગઈ હતી.

અમદાવાદની છારા ગેંગની કોયલબેન બાદલ અને અન્ય પાંચથી છ મહિલાઓએ ગત 17મી મેના રોજ અંકલેશ્વરના કોસમડી ગામ નજીક આવેલ સન પ્લાઝામાં રહેતા મીનાદેવી દિનેશ રાવલ પોતાની પસ્તીની દુકાન પર બેઠા હતા. દરમિયાન દુકાનદાર પાસે પાણી માંગી મીનાદેવી રાવલને વાતોમાં ભોળવી એક મહિલા દુકાનમાં પ્રવેશ કરી તિજોરીમાં રહેલ રોકડા 4 લાખની લૂંટ ચલાવી ફરાર થઈ ગઈ હોવાની જી.આઈ.ડી.સી.પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ફરિયાદને આધારે ઝડપાયેલ છારા ગેંગની લૂંટારુ મહિલાઓની વધુ તપાસ હાથ ધરી છે.

## છારા ગેંગની મહિલાઓએ કોસમડીની સનપ્લાઝામાં પણ 4 લાખની લૂંટ ચલાવી હતી



અંકલેશ્વર: અંકલેશ્વરના સારંગપુરની મીરાનગર સોસાયટીમાં લૂંટને અંજામ આપનાર છારા ગેંગની સાત મહિલાઓએ કોસમડીની સન પ્લાઝામાં 4 લાખની લૂંટ ચલાવી હતી. ગતરોજ અંકલેશ્વરના સારંગપુર વિસ્તારમાં આવેલ મીરાનગર સોસાયટીમાં મહાદેવ મંદિર પાસે રહેતી હોસલી દેવી રમેશ રાજમંગલ યાદવ પોતાના ઘરે હતી તે દરમિયાન સાતથી વધુ મહિલાઓ આવી હતી અને તેઓએ હોસલી દેવી પાસે જમવાનું માંગી વાતોમાં ભોળવી ધક્કો મારી નીચે પાડી એક મહિલા ઘરના ઘુસી જઈ કબાટમાં રહેલ રોકડા 20 હજાર અને સોના-ચાંદીના ઘરેણાં મળી કુલ 1.45 લાખની લૂંટ ચલાવી ભાગવા જતા મકાન માલિકે બુમરાણ મચાવતા સોસાયટીના લોકોએ સાત મહિલાઓને પકડી પાડી પોલીસને હવાલે કરી હતી પોલીસે રેખાબેન સતીશ દાતણિયા,કિરણબેન જહુન દેવીપૂજક,સોનાબેન યુવરાજ દેવીપૂજક,જમાબેન ઉર્ફે જેકત અમૃત દેવીપૂજક, કોયલબેન બાદલ વાઘરી અને વસંતીબેન કુસવસ વાઘરી, સંગીતાબેન બાદલ વાઘરીને ઝડપી પાડી હતી. જયારે અન્ય બેથી વધુ લૂંટારુ મહિલાઓ ફરાર થઇ ગઈ હતી

### આમોદ પોલીસે ગુનો નોંધી કુલ 23 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# આઈપીએલ પર જુગાર રમાડતાં 2 શખ્સ ઝડપાયા : સૂત્રધાર વોન્ટેડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે વેળા તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, આછોદ ગામે ભીખા ખડકીમાં રહેતો હારૂનરશીદ અબ્દુલ્લાહ માસ્તર ગામની પાણીની ટાંકી પાસે બેસી આઈપીએલની મેચ પર રનફેર, સેશન, વિકેટ તેમજ ટીમની હારજીત સહિતના સોદા પર જુગાર રમાડે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં હારૂનરશીદ માસ્તર ઝડપાઈ ગયો હતો. ટીમે તેની પાસેથી સાદા કાગળની ચિઠ્ઠીઓ જપ્ત કરી હતી. જેમાં લેવાના તેમજ 76500 ટોટલ લખેલું લખાણ મળ્યું હતું. પોલીસે તેની પાસેથી રોકડા રૂપિયા 13 હજાર તેમજ એક મોબાઈલ સહિત 23 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી પુછપરછ કરતાં તે કાવી ગામે રહેતાં ઈમરાન ઉર્ફે ઈમુ અબ્દુલ રસુલ ચાંદના મોબાઈલ પર તે ચિઠ્ઠીઓના ફોટા મોકલાવતો હોવાનું તેમજ તેના માટે કામ કરતો હોવાની કબુલાત કરતાં પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો. બનાવ સંદર્ભે આમોદ પોલીસે બન્ને વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો હતો.

**DATE: 22/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## સીસીટીવીના આધારે તસ્કરોના પગેરું મળ્યું

# ભરૂચની દુકાનમાં ચોરી કરનારા ચિકલીગર ગેંગના ત્રણ ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના ઝાડેશ્વર રોડ પર આવેલી જલારામ ટ્રેડર્સ નામની દુકાનનું શટર ઉંચુ કરી અંદરથી રોકડા રૂપિયા તેમજ પ્લમ્બિંગનો સામાન મળી કુલ 40 હજાર ઉપરાંતનો મુદ્દામાલ ચોરી કરી તસ્કરો ફરાર થઇ ગયાં હતાં.

ભરૂચના ઝાડેશ્વર રોડ પર આવેલાં કુંતલ એપાર્ટમેન્ટમાંની જલારામ ટ્રેડર્સ નામની દુકાનનું શટર ઉંચું કરી તસ્કરોએ અંદરથી રોકડા રૂપિયા તેમજ પ્લમ્બિંગનો સામાન ચોરી થયો હોવાનું માલુમ પડ્યું હતું. ઘટનાને પગલે તેમણે ભરૂચ સી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે ટીમે આસપાસના વિસ્તારના સીસીટીવીના ફૂટેજ તપાસતાં એક રિક્ષા તેમજ ત્રણ ચિકલીગરોની તસ્કરીમાં સંડોવણી હોવાનું માલુમ પડતાં ટીમે ત્રણેયને શોધવાની કવાયત હાથ ધરતાં કાલીયાસિંગ ઉર્ફે ચંદાસિંગ ધનસિંગ બાવરી, કરનલસિંગ ઉર્ફે ચંદાસિંગ ધનસિંગ બાવરી તેમજ હરજિતસિંગ ઉર્ફે હારજીત હરબતસિંગ ટાંક નામના ચિકલીગર ગેંગના ત્રણેયને ઝડપી પાડી તેમની પાસેથી ચોરીનો સામાન તેમજ રિક્ષા સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.